જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૧૧/૨૦૧૭ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૪૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૬૮ કેસ કરી, ૬૦ વ્યક્તિઓને ઝડપી, ૧૮૨ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ ૧ રિક્ષા અને ૩ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૮૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૫૦/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૨૫૧/૧૭**

**મેઘાણીનગરઃ જલ્પાબહેન વા/ઓ દિપેનભાઇ તંબોળ (રહે. આશ્રય-૩ સિવિલ સ્ટાફ ક્વાટર તાતાનગર સોસાયટી સામે મેઘાણીનગર)** એ **મેઘાણીનગર** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૭/૧૧/૧૭ કલાક ૧૦/૩૦ થી બપોરના ૩/૨૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના** તાળા ખોલી/તોડી અજાણી વ્યક્તિ ઘરમાં સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૭,૫૦૦/- મળી કુલ રૂપિયા ૪૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસઇ.શ્રી **આર.જી.રાવલજી** ચલાવે છે.

**ચોરીઃ- સમાચાર યાદી નં.૨૨૫૨/૧૭**

**વસ્ત્રાપુરઃ કેવલ સન/ઓફ અશ્વિનભાઈ દવે (રહે. આમ્રકુંજ એપાર્ટમેન્ટ સોનલ ચાર રસ્તા પાસે મેમનગર)** એ તા.૭/૧૧/૧૭ નારોજ **વસ્ત્રાપુર** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૫/૧૧/૧૭ સવારના ૭/૩૦ થી ૮/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાંથી ત્રણ લેપટોપ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- અને મોબાઈલ ફોન કિમત રૂપિયા ૩૦૦૦/- અજાણી વ્યક્તિ** ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી **વિક્રમસિહ ચંદ્રસિહ** ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ રેનીશભાઇ મનસુખભાઇ સાદરીયા (રહે.ક્રીષ્ણા એપાર્ટમેન્ટ ભાઇકાકાનગર થલતેજ)** એ તા.૭/૧૧/૧૭ નારોજ **સોલા હાઈકોર્ટ** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૦/૧૭ કલાક ૭/૩૦ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ત્રણ લેપટોપ, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી બી.એચ.કુબાવત ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૨૨૫૩/૧૭**

**શહેરકોટડાઃ ભરતસિંહ કાળાજી ઠાકોર (રહે. ધોબીની ચાલી સાયોના એસ્ટેટ સામે નરોડા રોડ)** એ તા.૭/૧૧/૧૭ નારોજ **શહેરકોટડા** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૧૧/૧૭ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે ભરતસિહના પિતા કાળાજી ઠાકોર રહેણાંક નજીક રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા કાળાજી ઠાકોર નાઓને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૬/૧૧/૧૭ રાતના ૧૦/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુઆ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી **આર.બી.રાઓલ** ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૫૪/૧૭**

**ઘાટલોડીયાઃ જય મનોજકુમાર વ્યાસ (ઉ.વ.૨૦) (રહે. ગાયત્રી એપાર્ટમેન્ટ ઘાટલોડીયા)** એ અગમ્ય કારણસર તા.૭/૧૧/૧૭ બપોરના ૨/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે **ઘાટલોડીયા** પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી **મહિપતસિંહ તખતસિંહ** ચલાવે છે.

**કૃષ્ણનગરઃ કૃષ્ણનગર કેવડાજીની ચાલી પાણી ના બોર પાસે ભાડુઆત તરીકે રહેતા દિનેશ અમરસિંહ માહોર (ઉ.વ.૧૯) (મુળ વતન બડકરા તા-અબા જી-મુરેના મધ્યપ્રદેશ)** એ અગમ્ય કારણસર તા.૭/૧૧/૧૭ કલાક ૯/૧૫ વાગ્યાના સુમારે ભાડના મકાનમાં છતના સળીયામાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે **કૃષ્ણનગર** પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી **એન.કે.ડાભી** ચલાવે છે.

**કાગડાપીઠઃ બળદેવ ઉર્ફે સિધ્ધાર્થ સ/ઓ સોમાભાઇ વડાલીયા (ઉ.વ.૧૫) (રહે.કે.કા.શાસ્ત્રીનગર બીગબજાર પાછળ રાયપુર દરવાજા બહાર)** એ અગમ્ય કારણસર તા.૬/૧૧/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે **કાગડાપીઠ** પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી **એમ.જે.હુણ** ચલાવે છે.

**નારોલઃ નિશાબહેન વા/ઓ પ્રકાશભાઇ પંચાલ (ઉ.વ.૨૯) (રહે. ઉમંગ ફ્લેટ રંગોલીનગર નારોલ)** એ અગમ્ય કારણસર તા.૭/૧૧/૧૭ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ સારવાર માટે **સિધ્ધીવિનાયક હોસ્પીટલ લઈ જતા સારવાર દરમ્યાન ફરજ પરના ડોશ્રીએ કલાક ૧૧/૫૦ વાગે તેમને મૃત જાહેર કર્યા હતા** આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી **જે.બી.રાઠોડ** ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.